# સમાજશાસ્ત્ર વિભાગ

**વિઝન :** વિદ્યાર્થીઓ સમાજ અને રાષ્ટ્ર માટે ઉત્કૃષ્ટ ભાવનાથી કાર્યો કરતાં થાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય.

**મિશન :** કર્મનિષ્ઠ, પ્રામાણિક અને નિષ્ઠાવાન નાગરિકો તૈયાર કરવા.

વર્ષ ૧૯૯૬થી પ્રારંભ થયેલી સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની સાથે સાથે જ સમાજશાસ્ત્ર વિભાગની શરૂઆત થયેલી. આ પચીસ વર્ષની સફર દરમ્યાન સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીલક્ષી, અધ્યાપકીય અને સંસ્થાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં નવા સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર વિષયનું ઓરિએન્ટેશન કરી સમાજમાં બનતી ઘટનાઓ અને પ્રશ્નો તરફ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ કેળવાય તે અંગેનું યોગ્ય માર્ગદર્શન સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આપવામાં આવે છે. આ ઉપરાંત તજજ્ઞ વ્યાખ્યાન, વિશ્વ વસ્તી દિવસ, નિમિત્તે Online Quiz, વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી જેવા કાર્યક્રમો સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત મહાત્મા મંદિરની મુલાકાત, ICT દ્વારા વ્યાખ્યાન, જૂથચર્ચા, ફિલ્મ નિદર્શન, પોસ્ટર મેકિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કરવામાં આવેલી છે. સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓના સમાજશાસ્ત્રીય જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે Dr. Deba Hota સાહેબના વ્યાખ્યાનના આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ એઈડ્સ અવેરનેસ અંગે એક તજજ્ઞ વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં L & C મહેતા આર્ટ્સ કોલેજના પ્રા. ડૉ. બાબુલાલ સી. પંચાલે 'HIV / AIDS એક સામાજિક સમસ્યા' વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું.



HIV/AIDS અવેરનેસ પ્રોગ્રામ
પ્રાસંગિક ઉદ્‌બોધન : પ્રિ. ડૉ. દીપકભાઈ પંડ્યાસાહેબ ( તા. ૩૧-૭-૨૦૧૮)



તજ્જ્ઞ વ્યાખ્યાન : ડૉ. બાબુલાલ સી. પંચાલ
(તા. ૩૧-૭-૨૦૧૮)



વિશ્વવસ્તી દિવસ કાર્યક્રમ
પ્રાસંગિક ઉદ્‌બોધન : પ્રિ. ડૉ. દીપકભાઈ પંડ્યાસાહેબ (તા. ૧૧-૭-૨૦૧૮)



વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી
વક્તા : ડૉ. દીપકભાઈ પંડ્યાસાહેબ (તા. ૯-૮-૨૦૧૭)



વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે સેમ-૩ ના વિદ્યાર્થી દંતાણી અજય દ્વારા
આદિવાસી ઉત્સવો વિશે અભિવ્યક્તિ (તા. ૦૯-૦૮-૨૦૧૭)



વિશ્વ વસ્તી દિવસની ઉજવણીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતાં
ડૉ. રમીલાબેન પટેલ (તા. ૧૧-૦૭-૨૦૧૭)



ગ્રૂપ ડિસ્કશન : સમાજશાસ્ત્ર વિભાગ - પ્રો. માલતીબેન વ્યાસ
(વર્ષ ૨૦૧૮-૧૯)



સી.ડબલ્યુ.ડી.સી. કાર્યક્રમમાં સંચાલન કરતાં પ્રો. છાયાબેન ચાવડા
(વર્ષ ૨૦૧૬-૧૭)